# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,

જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ,
જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન/ફેક્સ નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫
E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in


નં. સકઅ/ઓનલાઇન/લઘુમતિ/૨૦૧૮-૧૯/૮૭૦૦ થી ૯૨૦૦ તા.૩૧/૦૭/૨૦૧૮

<u>ઘણો જરૂરી / સમયમર્યાદા</u>

પ્રતિ,
આચાર્યશ્રી,

.......................................................................................................

મુ............................ તા.............................. જિ.બનાસકાંઠા,

વિષય:- ભારત સરકારની લઘુમતીઓના વિદ્યાર્થીઓ માટેની પ્રિ.મેટ્રીક (ધો.૧ થી ૧૦) પોસ્ટ મેટ્રીક/ મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિના વર્ષ ૨૦૧૮-૧૯ અમલ બાબત તથા યુઝર આઇડી તથા પાસવર્ડ મેળવવા બાબત.

સંદર્ભ: માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯/૨૮૬૨-૨૮૯૪, ૨૮૯૫-૨૯૨૭, ૨૯૨૮-૨૯૬૦, તા.૩૧/૦૭/૨૦૧૮.

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯માં ભારત સરકારની લઘુમતી જાતિના વિદ્યાર્થીઓની પ્રિ.મેટ્રીક (ધો.૧ થી ૧૦)/ પોસ્ટ મેટ્રીકમાં ધો.૧૧,૧૨, આઇટીઆઇ, સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમો તથા મેરીટ કમ મીન્સમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તકનીક અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટેના વિદ્યાર્થીઓના **Online** ફોર્મ **scholarships.gov.in (N.S.P.2.0)** પર ભરવાના રહેશે. વિદ્યાર્થીઓને **Online** ફોર્મ ભરવામાં મદદરૂપ થઇ શકે તેવા **FAQs** તથા **SERVICES** મેનુમાં **NSP 2.0 user Manual WEBSITE** પર **UPLOAD** કરેલછે.

## ➢ <u>લઘુમતીના વિદ્યાર્થીઓ માટેઃ-</u>

૧. **Fresh** વિદ્યાર્થીઓએ નવુ રજીસ્ટ્રેશન કરી **GJ201819*********** વાળુ **PermanentID** મળે તેના આધારે નવુ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

૨. વર્ષ ૨૦૧૭-૧૮ના વિદ્યાર્થીના બેન્ક ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઇ હોય તેવા વિદ્યાર્થીઓએ ફરજીયાત **Renewal**અરજી કરવાની રહેશે.

૩. **Fresh – Renewal** બન્ને માટે આધાર નંબર, વિદ્યાર્થીનો પોતાના નામ સાથેનું વ્યક્તિગત / નામ સાથેનું સંયુક્ત બેન્ક એકાઉન્ટ તથા જે બેન્ક એકાઉન્ટ **ONLINE**અરજી આપે તે આધાર નંબર સાથે લીન્ક **(Seeding)** કરાવવું ફરજીયાત છે.

૪. લઘુમતિ શિષ્યવૃતિની અલ્પસંખ્યક કાર્યમંત્રાલય દ્વારા આપવામાં આવેલી વર્ષ ૨૦૧૮-૧૯ની **Time Line**નીચે મુજબ છે.

- પ્રિ.મેટ્રીક/ પોસ્ટ મેટ્રીક મેરીટ કમ મીન્સ / નવુ (FRESH) અરજી ONLINE કરવાની છેલ્લી તા:30/09/૨૦૧૮
- પ્રિ.મેટ્રીક/ પોસ્ટ મેટ્રીકમેરીટ કમ મીન્સ / જુના (RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તા:30/09/૨૦૧૮

૫. ભારત સરકારના અલ્પસંખ્યક કાર્ય મંત્રાલય નવી દિલ્હીના આદેશ મુજબ **AADHAR/ UID** ફરજીયાત રાખેલ નથી. પરંતુ ગેઝેટ નોટીફિકેશન આધાર એક્ટ,૨૦૧૬ના સેકશન-૭ મુજબ શિષ્યવૃત્તિ માટેના લાયક અરજી કરનારે આધાર નંબર આપવો જરૂરી છે. **ONLINE** દર્શાવેલ ફોર્મમાં પોતાની પ્રાથમિક માહિતી ભરતી વખતે**Identification Detail**માં આધાર નંબર **Select** કર્યેથી ફરજીયાત આધાર નંબર આપવાનો રહેશેઅથવા**Bank A/C NumberSelect**કર્યાબાદ **Bank Passbook**ની **SCAN**કરેલી કોપી **(PDF & JPEG Maximum size 200 KB)** ફરજીયાત**UPLOAD**કરવાની રહેશે.

૬. પ્રિ.મેટ્રીક / પોસ્ટ મેટ્રીક/ મેરીટ કમ મીન્સમાં **ONLINE** અરજીમાં કોઈ ડોક્યુમેન્ટ **UPLOAD**કરવાના નથી. પરંતુ **ONLINE** ફ્રેશ/રીન્યુઅલ અરજી ભર્યા બાદ **Website**માં **Submit** કર્યા બાદ **PRINT OPTION**માં જઈ અરજીની પ્રિન્ટ લઈ અરજી સાથે અગાઉની જાહેરાત મુજબના જરૂરી આધાર પુરાવાઓ સામેલ કરી વિદ્યાર્થીએ પોતાની શાળાના આચાર્યશ્રી/પ્રિન્સિપાલશ્રીને/ પ્રાથમિક શાળા / માધ્યમિક શાળામાં અરજીની હાર્ડ કોપી સાધનિક કાગળો સાથે નિયત સમય મર્યાદામાં આપવાની રહેશે.

૭. લઘુમતી પ્રમાણપત્ર/ ધર્મ અંગેનુંસેલ્ફ ડિકલેરેશન.શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ, સક્ષમ અધિકારીશ્રીનું આવકનું પ્રમાણપત્ર, વાર્ષિક ફીની પહોંચ, ગત વર્ષની માર્કશીટની નકલ,બેન્ક એકાઉન્ટની પાસ બુકની કોપી વિગેરે જેવા ચાલું વર્ષની જાહેરાતમાં દર્શાવ્યા મુજબના તમામ સાધનિક પુરાવા હાર્ડકોપી સાથે સામેલ કરી પોતાની પ્રાથમિક શાળા / માધ્યમિક શાળામાં સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે તથા કોઇ હાર્ડકોપી જિલ્લા કચેરી કે ગાંધીનગર કચેરીએ મોકલવાની રહેતી નથી.

૮. વિદ્યાર્થીઓને **National Scholarship Portal**માં એક જ વખત અરજી કરવા સુચના આપવામાં આવે છે, એક થી વધુ વખત કરેલી **FRESH** કે **RENEWAL** અરજીઓને **Duplicate** ગણી પોર્ટલ દ્વારા રદ કરવામાં આવશે.

૯. ભારત સરકાર દ્વારા મેરીટ કમ મીન્સ શિષ્યવૃતિમાં આઇ.આઇ.ટી., આઇ.આઇ.એમ., નીફ્ટ, જેવી નામાંકિત લીસ્ટેડ ઇન્ટીટ્યુટમાં શિષ્યવૃત્તિ માટે ક્વોલીફાઇડ થયેલ વિદ્યાર્થીને રૂા.૫૦,૦૦૦/- કરતાં વધુ રકમની શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય તેવા તમામ વિદ્યાર્થીઓએ વેબસાઇટમાં દર્શાવેલ તમામ સાધનિક પૂરાવાઓ અગાઉની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે **UPLOAD** કરવાના રહેશે. તેમજ સાધનિક કાગળો સહિતની **Online** અરજીની હાર્ડકોપી પોતાની કોલેજ / યુનિવર્સીટીના પ્રિન્સીપાલશ્રીને સમય મર્યાદામાં આપવાની રહેશે. તે હાર્ડ કોપી પુરાવાઓની એક નકલ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠા, પાલનપુરની કચેરીએ તથા બીજી નકલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૪/૩, ગાંધીનગરને ફક્ત લીસ્ટેડ સંસ્થાના વિદ્યાર્થીઓએ મોકલવાની રહેશે.

ઉપરોક્ત આધાર પુરાવાઓમાં કોઇ વિદ્યાર્થી/પિતા વાલી તરફથી ખોટી માહિતી પુરી પાડવામાં આવશે અને સરકારશ્રીના ધ્યાન પર આવ્યેથી અલ્પ સંખ્યક કાર્ય મંત્રાલય, નવી દિલ્હીની સુચના મુજબ તેઓ પર કાયદાકીય પગલા લેવામાં આવશે.

➢ પ્રાથમિક / માધ્યમિક /ઉચ્ચતર મા.શાળા/કોલેજ/યુનિવર્સીટી/આઇ.ટી.આઇ. માટેઃ-

૧. ગત વર્ષ જે પ્રાથમિક, માધ્યમિક શાળા National Scholarship Portalપર રજીસ્ટર્ડ થઇ ગયેલ હોય તેઓને પોતાના ગત વર્ષના User – ID / Password નો ઉપયોગ કરી Fresh – Renewal અરજી વેરીફીકેશન કરી Forward/Reject/Defectકરવાની રહેશે.

૨. પ્રાથમિક શાળા/માધ્યમિક શાળાના આચાર્યશ્રી/પ્રિન્સિપાલશ્રીએ પોતાની શાળાના તમામ વિદ્યાર્થીઓની અરજીની હાર્ડકોપી જરૂરી સાધનિક પૂરાવાઓ સાથેની સ્વીકારી સમયમર્યાદામાં પોતાને મળેલ તમામ અરજીઓ માટે શાળાના USER ID અને PASSWORDનો ઉપયોગ કરી વિદ્યાર્થી તરફથી મળેલ અરજીની હાર્ડકોપીના સાધનિક કાગળોના આધારે ONLINE અરજી મંજુર/નામંજુર કરી ભારત સરકાર દ્વારા આપેલ સમય મર્યાદામાં આગળના લેવલે FORWARDકરવાની રહેશે. તેમજ હાર્ડ કોપી શાળાઓએ રેકર્ડમાં રાખવાની રહેશે. જિલ્લા / રાજ્યના અધિકારીની મુલાકાતમાં અરજીઓ તપાસણી માટે રજુ કરવાની રહેશે.

૩. શાળા /સંસ્થાઓએ પોતાના ONLINE એકાઉન્ટમાં લોગીન થઇ SCRUTINY ની પ્રક્રિયા કરવાની રહેશે, જેમાં વિદ્યાર્થીની સાધનિક પુરાવા સાથે મળેલ હાર્ડકોપીની અરજીની ચકાસણી કરી તેને ONLINE ફોરવર્ડ કરવાની રહેશે .જોશાળા /સંસ્થાએ આગળની ONLINE પ્રક્રિયા કરી ફોરવર્ડ કરેલ ન હોય તો વિદ્યાર્થીની અરજી પર આગળની પ્રક્રિયા થઇ શકશે નહિ જેથી શાળા સંસ્થાઓએ/ખાસ પોતાનો આઇ.ડી. તથા પાસવર્ડ જિલ્લા /રાજ્યકક્ષાએથી મેળવી લેવાના રહેશે.National Scholarships Portal (N.S.P. 2.0)માં વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવી શાળા/સંસ્થાઓADD કરવાની છેલ્લી તા.૩૧/૦૩/૨૦૧૮ આપેલ હતી, હાલમાં શાળા/સંસ્થાઓADD કરવા માટે આપેલ Option website માં બંધ કરેલ છે, પરંતુ પોર્ટલમાં નવી ઉમેરવાની થતી શાળા / સંસ્થાઓની વિગત નિયત નમૂનામાં અરજીઓ મંગાવી જિલ્લા કક્ષાએથી જ્યારે પોર્ટલN.S.P. 2.0માં આ option શરૂ થયેથી રજીસ્ટર કરવાની રહેશે.

૪. જે શાળા / કોલેજના વિદ્યાર્થીઓએ ગુજરાત સરકારશ્રીની શિષ્યવૃતિ યોજનામાં કે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) માં અરજી કરેલ હોય તો તેવા વિદ્યાર્થી આ યોજનામાં ફરીથી લાભ ન લે તે જોવાની સઘળી જવાબદારી શાળા / કોલેજની રહેશે. અન્ય જગ્યાએ શિષ્યવૃતિ માટે અરજી કરેલ હોય તેવા વિદ્યાર્થીઓના તેવા વિદ્યાર્થીઓના ફોર્મ સ્વીકારવાના રહેશે નહી.

૫. સરકારી પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને શાળામાંથી ગ્રેડ આપવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓને શાળામાંથી શકય હોય તો ટકા મેળવી લેવા અથવા શાળા પાસેથી ટકાનું કેલ્કયુલેશન કરાવી ટકા લખવાના રહેશે.

૬. જે તે શાળા / કોલેજ ચાલતા કોર્ષમાં વધારો કરેલ હોય તો પ્રોફાઇલમાં કોર્ષ અપડેટ કરી લેવા.

૭. વિદ્યાર્થીઓને આ યોજનાની માહિતી આપતી વખતે તથા ફોર્મ ભરવા બાબતે જરૂરી સુચનો શાળા / કોલેજ કક્ષાએથી આપવી તથા શાળાઓ ડાયસકોડ ખાસ જણાવવો જેથી સરખા નામ ધરાવતી અન્ય શાળા / કોલેજમાં ફોર્મ ન ભરાય તે જણાવવું.

૮. www.scholarships.gov.inના DASHBOARDપર આપેલ Central Schemes >Ministry of Minority Affairs > Guidelinesમાં આપેલ યોજનાનીશરતો ધ્યાને લઇ અરજી કરવાની રેહશે. આશિષ્યવૃત્તિયોજનાનીવધુવિગતઅહિં દર્શાવેલWEBSITEપરથીમેળવીશકાશે.
1) www.scholarships.gov.in 2) www.minorityaffairs.gov.in

૯. પ્રિ.મેટ્રીકનો National Scholarships Portal (N.S.P. 2.0)નો વર્ક ફ્લો
વિદ્યાર્થી→ શાળા → રાજય → કેન્દ્ર.

૧૦. વિદ્યાર્થીઓએ રજુ કરવાના આધાર પુરાવા
૧. ઓનલાઇન અરજીની નકલ. ૨. ફોટો ૩. આધારકાર્ડ ૪. બેક પાસબુકની નકલ, જેમાં એકાઉન્ટ નંબર તથા આઇએફએસસી કોડ ફરજીયાત લખવો. ૫. છેલ્લી પરીક્ષાની માર્કશીટની ખરી નકલ. ૬. વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીના દાખલાની ખરી નકલ. ૭. વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતિ હોવા અંગેનો સક્ષમ અધિકારીના દાખલાની ખરી નકલ. ૮. વિદ્યાર્થીની ચાલુ વર્ષની ટયુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફીની પહોંચની ખરી નકલ. ૯. વિદ્યાર્થીનું સહી કરેલુ ડીકલેરેશન ફોર્મ ૧૦. કોલેજ / સંસ્થા ધ્વારા ચકાસણી થયેલ તથા સહી / સિકકા કરેલ ફોર્મ.

બિડાણ :- રજીસ્ટ્રેશન ફોર્મ

(જે.એ. બારોટ)
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર

નકલ રવાના :

(૧) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ) .................... તા. .................... જિ.બનાસકાંઠા
૨/- પરિપત્રમાં જણાવેલ સુચનાઓ મુજબની કાર્યવાહી કરવા આપના તાબા હેઠળની શાળાઓને સુચના આપવા વિનંતી છે.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, બનાસકાંઠા, પાલનપુર.

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા, પાલનપુર.

(૪) રજીસ્ટારશ્રી, હેમચંન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ.
૨/- આપના તાબા હેઠળના તમામ વિભાગો તથા કોલેજોને પરિપત્રમાં જણાવેલ સુચનાઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવા જણાવવા વિનંતી છે.

(૫) રજીસ્ટારશ્રી, સરદાર પટેલ કૃષિ યુનિવર્સીટી, દાંતીવાડા, તા.દાંતીવાડા, જિ.બનાસકાંઠા.
૨/- આપના તાબા હેઠળના તમામ વિભાગો તથા કોલેજોને પરિપત્રમાં જણાવેલ સુચનાઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવા જણાવવા વિનંતી છે.

નકલ સવિનય રવાના:

માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ. ગુજરાત રાજય, ગાંધીનગર.

# New Registration of Institute

| | |
|---|---|
| Institute Name | |
| Medium of Study | GUJARATI/ENGLISH /HINDI/URDU OTHER.......... |
| Type of the school | GRANTED/NON GRANTED/ PRIVATE/ SEL FINANCE |
| School DISE/Institute AISHE | |
| Board/University Name | |
| Course lavel offered | 1.SCHOOL I-X |
| | 2.HSC/INTERMEDIATE(12TH)/ EQUIVALENT |
| | 3.DEGREE/GRADUATE/UNDER GRADUATE/ INTEGRATED |
| | 4.POSTGRADUATION |
| | 5.DOCTORATE/M.PHIL/P.H.D |
| | 6.CERTIFICATE |
| | 7.TEACHER TRAININGS |
| | 8.DIPLOMA(OTHER THAN POLYTECHNIC) |
| | 9.I.T.I |
| | 10.PG DIPLOMA |
| Institute Address | |
| Institute State | |
| Institution Taluk/Block | |
| Institution District | |
| Institute Pincode | |
| Land line Number | |
| Institute Tin No | |
| Institute Tan No | |
| Institution e-mail id | |
| Name of the Bank | |
| Bank a/c Number | |
| IFSC CODE Number | |
| Name of the principle | |
| Mobile Number of principle | |
| Name of the Clerk | |
| Mobile Number of clerk | |

Attachement

1.Registered Certificate copy

Signature of principle with Institute Rubber Stamp

ક્રમાંક/મા.વિ.૪/૪૪૨૭૨-૪૪૩૦૨/
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૬-૦૮-૨૦૨૫

૦૨/- નકલ રવાના માણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી/નોનગ્રાન્ટેડ
શાળાઓ, તમામ
બનાસકાંઠા